આવતીકાલે મેરિટની જાહેરાત વખતે અંધાધૂંધીની શક્યતા

કોમર્સમાં બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓને હવે એડમિશન નહીં મળવાનો ભય

અન્ય કોલેજમાં એડમિશન મેળવનારા વિદ્યાર્થીઓએ પ્રવેશ રદ કરાવ્યા નથી

। અમદાવાદ ।

ગુજરાત યુનિવર્સિટીમાં કોમર્સમાં બે રાઉન્ડ પુરા થયા છે પરંતુ જે વિદ્યાર્થીઓને પહેલાં કે બીજા રાઉન્ડમાં પસંદગી સિવાયની કોલેજમાં એડમિશન મળ્યું છે તેને તેમણે કેન્સલ કરાવ્યું નથી. તેના કારણે ૨૨મીએ જાહેર થનારા ઈન્ટર-સે મેરિટથી થનારા પ્રવેશમાં આ વિદ્યાર્થીઓ પણ આવે તેવી શક્યતા છે. તેના કારણે બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓને એડમિશન મળવાના ચાન્સ ઓછા થશે. બીજી તરફ વિદ્યાર્થીઓની ફૂદાફૂદના કારણે પ્રવેશ પ્રક્રિયા અંતહિન બની જવાનો ભય સર્જાયો છે.

હાલમાં કોલેજો પર વિદ્યાર્થીઓ એડમિશન કેન્સલ કરાવવા આવી રહ્યાં છે. તેના કારણે કોલેજ સંચાલકોમાં પણ આશ્ચર્ય ફેલાયું છે. સંચાલકોએ પોતાની રીતે તપાસ કરાવતા એવી ખબર પડી હતી કે વિદ્યાર્થીઓએ દસ કોલેજમાં ફોર્મ ભર્યા હતા. તેમાંથી તેને પસંદગીની કોલેજમાં એડમિશન મળવા ઉપરાંત અન્ય ચોઈસ ભરેલી કોલેજમાં પણ મળ્યું હશે. પરંતુ વિદ્યાર્થી તેને કેન્સલ કરાવતો નથી. તેના કારણે આવી કોલેજમાં સીટ ખાલી નહીં હોવાનું દર્શાવે તે સ્વભાવિક છે. કેમકે વિદ્યાર્થીએ ફી તો એક જ કોલેજમાં ભરી છે.

હવે ઈન્ટર-સે મેરિટમાં કોલેજો ૨૨મીએ લિસ્ટ મૂકશે ત્યારે કોલેજ પાસે આગળના રાઉન્ડથી ખેંચાતી આવતી સીટ ભરેલી જ બતાવશે. જે એક પછી એક રાઉન્ડમાં ખેંચાતી જ આવે છે. વાસ્તવમાં આ સીટ પર વિદ્યાર્થીએ એડમિશન જ લીધુ નથી. તેના કારણે ઘણા વિદ્યાર્થીઓ કે જેમને એડમિશન મળી ચૂક્યું છે તે છેલ્લા રાઉન્ડમાં પણ આવવા પ્રયાસ કરશે.

સૌરાષ્ટ્રના ૬૬૨ ગામોમાં અતિવૃષ્ટિથી પાક નુકસાન

૪ જિલ્લાના ૨.૮૨ લાખ ખેડૂતો અરજી કરશે તો રૂ.૫૪૬ કરોડની સહાય મળશે

બાકી જિલ્લાઓમાં સર્વે ચાલુ હોવાનો પ્રવક્તા મંત્રીનો દાવો

। ગાંધીનગર ।

સપ્ટેમ્બરના આરંભે અતિવૃષ્ટીને કારણે થયેલા પાક નુકશાન સામે કૃષિ વિભાગે પ્રસિધ્ધ કરેલા ઠરાવ મુજબ સૌરાષ્ટ્રના ૪ જિલ્લાના ૬૬૨ ગામોમાં ૨.૮૨ લાખ ખેડૂતો સહાયને પાત્ર ઠરે છે. ૩૩ ટકાથી વધુ નુકસાનના કિસ્સામાં બે હેક્ટરની મર્યાદામાં હેક્ટરદિઠ રૂ.૧૩,૦૦૦ની સહાય લેખે કુલ રૂ.૫૪૬ કરોડનુ સહાય પેકેજ સરકારે જાહેર કર્યુ છે. જો કે, ૨૦ નવેમ્બર સુધી ઓનલાઈન અરજી નહિ કરે તે ખેડૂતને સરકારી સહાય મળશે નહી.

સૌરાષ્ટ્રના ૪ જિલ્લા ઉપરાંત અતિવૃષ્ટિને કારણે અન્ય જિલ્લાઓમાં પણ ખરીફ વાવેતરને નુકસાન થયુ છે. ત્યાં કેમ સહાય નહીં ? તેના જવાબમાં પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જ્યાં નુકસાન થયું છે તેવા અમદાવાદ, બોટાદ, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર, છોટા ઉદેપુર, પંચમહાલ અને ભરૂચ જિલ્લામાં સર્વેક્ષણની કામગીરી ચાલી રહ્યાનો દાવો કર્યો હતો. જો કે, તેમણે પાક વીમાના વિકલ્પમાં અમલમાં રહેલી CM કિસાન સહાય યોજના હેઠળ ૩૧ ઓગસ્ટ સુધી ૧૦ ઈંચથી ઓછા વરસાદના કિસ્સામાં થયેલા કૃષિ નુકસાનના કિસ્સામાં સહાય સંદર્ભે કોઈ ફોડ પાડ્યો નહોતો.

પ્રવક્તા મંત્રીએ કેબિનેટની બેઠકમાં શુન્ય ટકા વ્યાજે વર્ષોથી ચાલતી કૃષિ ધિરાણ યોજનામાં જે ખેડૂતો પાસેથી અગાઉ વ્યાજ વસૂલાયુ હશે તેમને પણ અગાઉનું વ્યાજ મજરે આપવા રૂ.૫૦૦ કરોડના રિવોલ્વિંગ ફંડની રચનાને મંજૂરી આપ્યાનું જાહેર કર્યું હતુ. દરમિયાન ખેડૂતોને થયેલા નૂકસાન સામે યોગ્ય સહાય ચૂકવવા માટે ખેડૂતો અને વિરોધ પક્ષ તરફથી સરકાર સમક્ષ ઉગ્ર રજૂઆતો થઈ હતી.

ડેન્ટલ એમડીએસમાં ૮૪ સીટ માટે બીજા રાઉન્ડનું ચોઈસ ફીલિંગ શરૂ

। અમદાવાદ ।

પીજી ડેન્ટલ એમડીએસની પ્રવેશ પ્રક્રિયામાં આજથી બીજા રાઉન્ડ શરૂ થયાની એડમિશન કમિટીએ જાહેરાત કરીને કાર્યક્રમ જાહેર કર્યો છે. પહેલાં રાઉન્ડની નોન રિપોર્ટેડ સીટ ૮૨, કેન્સલ થયેલી ૨ અને ઓલ ઈન્ડિયા ક્વોટામાંથી પાછી આવેલી ૧ સીટ મળીને કુલ ૮૪ સીટ એડમીશન માટે વિદ્યાર્થીઓને ઉપલબ્ધ બની છે. એડમીશનના બીજા રાઉન્ડ માટે ચોઈસ ફીલિંગ તા.૨૦-૧૦ થી તા.૨૧-૧૦ સુધી થઈ શકશે. બીજા રાઉન્ડનું એલોટમેન્ટ તા.૨૨-૧૦ના રોજ બપોરે ૧૨ વાગ્યે થશે. ઓનલાઈન ફીનું પેમેન્ટ તા.૨૨ થી ૨૫ સુધીમાં કરી શકાશે. હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ અને ઓરિજનલ ડોક્યુમેન્ટ સબમિટ કરવાનો સમય તા.૨૨ થી ૨૬ સુધીનો રહેશે.

૬ દિવસમાં પાણીજન્ય, મચ્છરજન્ય રોગચાળો વકર્યો

શહેરમાં કમળાના ૬૭, ડેન્ગ્યૂના ૩૧૨ ચિકનગુનિયાના ૧૨૩ કેસ નોંધાયા

શરદી, ઉધરસના કેસોમાં વધારોઃ દવાખાનાઓમાં દર્દીઓની લાઈનો

। અમદાવાદ ।

અમદાવાદમાં દિન પ્રતિદિન ડેન્ગ્યૂ અને ચિકનગુનિયાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. તા. ૧૬ઓક્ટોબર સુધીમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વકર્યો છે. શહેરમાં તા. ૧૬ ઓક્ટોબર સુધીના ડેન્ગ્યુના ૩૧૨ કેસો અને ચિકનગુનિયાના ૧૨૩ કેસો સાદા મેલેરિયા ૪૫ કેસો, ઝેરી મેલેરિયાના ૬ કેસો નોંધાયા છે. જ્યારે ટાઈફોઈડના ૮૬, ઝાડા ઉલટીના ૨૯૩ કમળાના ૬૭ કેસો નોંધાયા છે. શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે અને તેના પગલે મચ્છરજન્ય રોગચાળો માથું ઊંચકી રહ્યો છે. AMC તંત્ર દ્વારા સાવચેતીરૂપે પગલાં લેવામાં નહીં આવે તો મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વધુ વકરે તેવી શક્યતા છે. હાલ શહેરમાં ધીમે ધીમે બેવડી ઋતુનો પ્રારંભ થઈ રહ્યો છે અને તેના કારણે શરદી, ખાંસી અને વાયરલ ફીવરના દર્દીઓની સંખ્યાં વધતી હોવાનું જાણવા મળે છે.

પાણીજન્ય રોગચાળો

વિગત	ઓક્ટોબર, ૨૦૨૦	વર્ષ ૨૦૨૦	તા. ૧૬ ઓક્ટો. ૨૦૨૧	વર્ષ ૨૦૨૧ (ઓક્ટોબર)
ઝાડા-ઊલટી	154	2,072	293	3,001
કમળો	61	664	67	1,075
ટાઈફોઈડ	166	1,338	86	1,667
કોલેરા	--	--	--	64

મચ્છરજન્ય રોગચાળો

વિગત	ઓક્ટોબર, ૨૦૨૦	વર્ષ ૨૦૨૦	તા. ૧૬ ઓક્ટો. ૨૦૨૧	વર્ષ ૨૦૨૧ (ઓક્ટોબર)
સાદા મેલેરિયા	135	618	45	787
ઝેરી મેલેરિયા(પી.વી.)	15	63	06	74
ડેન્ગ્યૂ	104	432	312	1,962
ચિકનગુનિયા	391	923	123	968

મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ કેમ નહિ?

પેકેજ નહિ પણ દુષ્કાળ મેન્યુઅલ મુજબ સહાય આપવા માગણી

। અમદાવાદ ।

પાક નુકસાનીને લઈ ગુજરાત સરકારના આર્થિક પેકેજ સામે ગુજરાત કિસાન કોંગ્રેસે સવાલો ઊભા કરી આક્ષેપ કર્યો છે કે, સરકારે ખેડૂતોના હક્ક અધિકારનું ગળું દબાવવાનું કામ કર્યું છે, આર્થિક પેકેજને બદલે ખેડૂતોને પ્રવર્તમાન કાયદા મુજબ વળતર આપવાની માગણી કરાઈ છે. નેચરલ કેલેમિટી એક્ટ, દુષ્કાળ મેન્યુઅલ ૨૦૧૬, મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો સરકાર શા માટે અમલ કરતી નથી?

સરકારે જાહેર કરેલા આર્થિક પેકેજમાં માત્ર ચાર જ જિલ્લાના ૨૧ તાલુકાના ૬૮૨ ગામોમાં જ અતિવૃષ્ટિ થઈ છે? શું ગુજરાતમાં બીજે ક્યાંય અતિવૃષ્ટિની અસર જ નથી? સરકાર વ્હાલા-દવલાની નીતિ અપનાવી રહી છે, કેબિનેટ મિટિંગ પહેલાં જ એક દિવસ વહેલું જાહેર કરવું પડેલું આર્થિક પેકેજ પણ સવાલો ઊભા કરે છે, હકીકતમાં ૧૦ ઈંચથી ઓછો વરસાદ નોંધાયો હોય એવા ૧૧૨ તાલુકા છે, ૫ ઈંચથી ઓછો વરસાદ નોંધાયો હોત એવા ૨૨ તાલુકા છે, આખી સિઝનમાં એક સાથે એક ઈંચ વરસાદ ન હોય તેવા નવ તાલુકા છે, આખી સિઝનમાં માત્ર એક જ વખત વરસાદ પડ્યો હોય તેવા ૪૩ તાલુકા છે, સતત ૨૮ દિવસ સુધી વધારે સમય પસાર થવા છતાં વરસાદ નોંધાયો જ ન હોય તેવા ૨૦૪ તાલુકા છે, ૩૦ ટકા કરતાં ઓછો વરસાદ નોંધાયો હોય તેવા ૭૪ તાલુકા છે, જામનગગર અને કાલાવડ તાલુકામાં સતત ૪૮ કલાકમાં ૨૫ ઈંચથી વધુ વરસાદ પડ્યો એટલે આ બંને તાલુકા અતિવૃષ્ટિની વ્યાખ્યામાં આવી જાય છે.

ભાવનગર જિલ્લાના એક દિવ્યાંગ તલાટીને ટર્મિનેટ કરવાના હુકમને હાઈકોર્ટે રદ કર્યો

૨૦૦૩થી વિકલાંગતા સર્ટિફિકેટ આપ્યું હોવા છતાં સરકારે પાણીચું આપ્યું હતું

। અમદાવાદ ।

ભાવનગર જિલ્લામાં એક દિવ્યાંગ તલાટીને નોકરીમાંથી ટર્મિનેટ કરવાના સરકારના હુકમને હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે રદ કરી દીધો છે. હાઈકોર્ટનુ અવલોકન છે કે, સિંગલ જજે આપેલા ચુકાદામાં તે કોઈપણ પ્રકારની દખલ કરશે નહીં. હાઈકોર્ટે કહ્યું છે કે, અરજદારે વર્ષ ૨૦૦૩થી સમયાંતરે અનેકવાર તેની શારીરિક વિકલાંગતા અંગે સર્ટિફિકેટ આપેલું જ છે. એક ફરિયાદ બાદ તેની સામે તપાસ કરાય છે, જેમાં ડોક્ટર્સની પેનલને તેની શારીરિક વિકલાંગ ૨૫ ટકા જણાય છે, એટલે તેને નોકરીમાંથી બરતરફ કરાય છે. સરકાર નોકરી આપીને આ રીતે કેવી રીતે છીનવી શકે ? ભૂતકાળની સરખામણીએ આજની વિકલાંગતામાં બદલાવ આવી શકે છે. આજે સારવારની ટેકનોલજીનો વિકાસ થયેલો છે. ફિઝિયોથેરાપી ની મદદથી શારીરીક ક્ષમતામાં વધઘટ થઈ શકે છે. અરજદારે છેતરપિંડી કરીને નોકરી મેળવેલી હોવાની સરકારની દલીલ હાઈકોર્ટે સ્વીકારી નહોતી.

ડભોઈમાં ગૌચર જમીન ઉપર દબાણ મુદ્દે PIL, હાઈકોર્ટે સરકાર પાસે જવાબ માગ્યો

અમદાવાદ : ડભોઈના કાયાવરણ ગામમાં ગૌચરની જમીન પર ગેરકાયદેસર રીતે દબાણના મુદ્દા પર હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી થયેલી છે. સુનાવણી બાદ, હાઈકોર્ટના ચીફજસ્ટિસની ખંડપીઠે રાજ્ય સરકારને નોટિસ પાઠવી છે અને બે સપ્તાહમાં જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. આ કેસની વધુ સુનાવણી ૨૩ નવેમ્બરે હાથ ધરાશે. અરજદારના વકીલની રજૂઆત હતી કે, ગૌચરની જમીન પર અતિક્રમણ કરાયું છે. જેના લીધે, ગામમાં ગૌચરને ભારે તકલીફ પડી રહી છે. ગૌચરની જમીન પરના આ દબાણને દૂર કરાવો. બીજી તરફ, સરકારની રજૂઆત હતી કે, આ ગૌચર નહીં પરંતુ સરકારી જમીન છે.

નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ,
અમદાવાદ બેન્ચ સમક્ષ
સીપી (સીએએ) / ૫૬ (એએચએમ) ૨૦૨૧
તે સંકળાયેલી છે
સી.એ. (સીએએ) / ૫૬ (એએચએમ) ૨૦૨૧
સાથે

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની બાબતમાં
અને
કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦-૨૩૨ને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની અન્ય સંબંધિત જોગવાઈઓની બાબતમાં
અને
બ્રાહ્મી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડની બાબતમાં
અને
અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડની બાબતમાં
અને
અદાણી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડની બાબતમાં
અને
સરગુજા રેઈલ કોરિડોર પ્રાઈવેટ લિમિટેડની બાબતમાં
અને
બ્રાહ્મી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ અને અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ અને અદાણી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસિઝ પ્રાઈવેટ લિમિટેડ અને સરગુજા રેઈલ કોરિડોર પ્રાઈવેટ લિમિટેડ તથા તેમના સંબંધિત શેરહોલ્ડર્સ અને લેણદારો વચ્ચેની કોમ્પોઝીટ સ્કીમ ઓફ અરેન્જમેન્ટની બાબતમાં

બ્રાહ્મી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસીઝ લિમિટેડ, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની જોગવાઈઓ અનુસાર નોંધાયેલી કંપની, જેની રજીસ્ટર્ડ ઓફિસ અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ.જી.હાઈવે, ખોડિયાર, અમદાવાદ ૩૮૨ ૪૨૧, ગુજરાત, ભારત ખાતે આવેલી છે. ..... અરજદાર કંપની ૧

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ, કંપનીઝ એક્ટ, ૧૯૫૬ની જોગવાઈઓ અનુસાર નોંધાયેલી કંપની અને હવે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ હેઠળ ડીમ્ડ નોંધણી ધરાવતી કંપની, જેની રજીસ્ટર્ડ ઓફિસ અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ.જી.હાઈવે, ખોડિયાર, અમદાવાદ ૩૮૨ ૪૨૧, ગુજરાત, ભારત ખાતે આવેલી છે. ..... અરજદાર કંપની ૨

અદાણી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની જોગવાઈઓ અનુસાર નોંધાયેલી કંપની, જેની રજીસ્ટર્ડ ઓફિસ અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ. જી. હાઈવે, ખોડિયાર, અમદાવાદ ૩૮૨ ૪૨૧, ગુજરાત, ભારત ખાતે આવેલી છે. ..... અરજદાર કંપની ૩

સરગુજા રેઈલ કોરિડોર પ્રાઈવેટ લિમિટેડ, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની જોગવાઈઓ અનુસાર નોંધાયેલી કંપની, જેની રજીસ્ટર્ડ ઓફિસ અદાણી કોર્પોરેટ હાઉસ, શાંતિગ્રામ, વૈષ્ણોદેવી સર્કલ પાસે, એસ.જી.હાઈવે, ખોડિયાર, અમદાવાદ ૩૮૨ ૪૨૧, ગુજરાત, ભારત ખાતે આવેલી છે. ..... અરજદાર કંપની ૪

પીટીશનની સુનાવણીની નોટીસ

બ્રાહ્મી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ અને અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ તથા અદાણી ટ્રેક્સ મેનેજમેન્ટ સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડ તથા સરગુજા રેઈલ કોરિડોર પ્રાઈવેટ લિમિટેડ અને તેમના સંબંધિત શેરહોલ્ડર્સ તથા લેણદારો વચ્ચેની એક કોમ્પોઝિટ સ્કીમ ઓફ એરેન્જમેન્ટને મંજુરી આપવા માટે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની કલમો ૨૩૦-૨૩૨ હેઠળ એક સંયુક્ત પીટીશન અરજદાર કંપનીઓ દ્વારા ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ રજૂ કરવામાં આવી હતી. આદરણીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ બેન્ચ (આદરણીય ટ્રિબ્યુનલ) દ્વારા તારીખ ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજના એક આદેશ દ્વારા ઉપરોક્ત પીટીશનની સુનાવણી ૭ ડીસેમ્બર ૨૦૨૧ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે કે એ પછી તુરંત જ કરવાનું નિયત કરાયું છે.

ઉપરોક્ત પીટીશનને કોઈપણ વ્યક્તિ સમર્થન આપવા કે તેનો વિરોધ કરવા ઈચ્છતી હોય તો એ વ્યક્તિએ પોતાના ઈરાદા અંગેની નોટીસ પોતાનું નામ અને સરનામું દર્શાવીને તેમજ તેમાં પોતે અથવા તો પોતાના વકીલની સહી સાથે એ આદરણીય ટ્રિબ્યુનલને તથા અરજદાર કંપનીઓના વકીલને અહીં નીચે દર્શાવ્યા મુજબના સરનામે, આદરણીય ટ્રિબ્યુનલ દ્વારા નિયત કરાયેલી સુનાવણીની તારીખે, અર્થાત ૭ ડીસેમ્બર ૨૦૨૧ અથવા તો એ પહેલા મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. જે વ્યક્તિ પીટીશનનો વિરોધ કરવા ઈચ્છતી હોય તેણે એ કિસ્સામાં વિરોધના આધારરૂપ કારણો અથવા તો તેની એફિડેવિટની એક નકલ પણ નોટીસની સાથે મોકલવાની રહેશે.

કોઈપણ વ્યક્તિને આ પીટીશનની નકલ જોઈતી હોય તો તે માટેના નિયત ચાર્જીસ ચુકવીને અરજદાર કંપનીઓના વકીલો પાસેથી મેળવી શકશે.

તારીખઃ ૨૦ ઓક્ટોબર ૨૦૨૧

સરનામુઃ
સિંઘી એન્ડ કું., એડવોકેટ્સ અને નોટરી
સિંઘી હાઉસ, ૧ – મેગ્નેટ કોર્પોરેટ પાર્ક,
સોલા બ્રિજ પાસે, એસ. જી. હાઈવે, અમદાવાદ – ૩૮૦ ૦૫૯

સહી/-
સિંઘી એન્ડ કું.,
અરજદાર કંપનીઓના વકીલ

AHMEDABAD DIST. CO-OP. MILK PRODUCERS' UNION LTD.
UTTAM DAIRY, AHMEDABAD.

Ahmedabad District Co-operative Milk Producers' Union Ltd., Uttam Dairy, Ahmedabad invites the bids from the qualified experienced manufacturers for supply of following items.

1. **Wood (Saw Dust) Pallets & Bio Mass Pallets 4500 MT quantity as a fuel for our boilers for our Navapura Dairy Project.**

Interested bidders may visit website : www.nprocure.com of (n) Code Solutions, GNFC portal for downloading the tender document and review details of Tender Fee, Scope of supply & date of submission. Parties can also collect the tenders from our Sukhramnagar, Gomtipur office by paying the tender fees for the offline process. Tender download will start from 22nd October, 2021.

I/C. Managing Director

Surat Municipal Corporation
Central Stores
E Tender (on Line) Invitation Notice No. Ace/cs/04/2021-22

The Tender invited for various works On-Line on web site https://smc.nprocure.com from Manufacturer & OR Authorized Dealer with following schedule:

Sr. No.	Name of the Department	No. of Works	Total Estimated Amt. Rs. (In Lacs)
1	Central Store	07	232.50 Lacs

The Detail tender Notice will be made available on website. (Visit Us www.suratmunicipal.gov.in)

No. PRO/1621/2021-22
Date:20/10/2021

Additional City Engineer
Surat Municipal Corporation

સમિત ડિજીટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લીમીટેડ
(અગાઉ રીલાયન્સ જીઓ ઇન્ફ્રાટેલ પ્રાઇવેટ લીમીટેડ તરીકે જાણીતી)
CIN: U64200GJ2013PTC105870
રજીસ્ટર્ડ ઓફીસ : ૫૧૧, શપથ-૫, કર્ણાવતી ક્લબ પાસે, એસ જી હાઇવે, અમદાવાદ-૩૮૦૦૧૫, ગુજરાત
ટેલિ. નં. : +૯૧ ૨૨ ૬૨૧૦ ૪૧૦૦ ઇમેઇલ : secretarial@summitdigitel.com, વેબસાઇટ: www.summitdigitel.com

ફોર્મ નં. આઇએનસી-૨૬
(કંપની (ઇન્કોર્પોરેશન) નિયમો, ૨૦૧૪ના નિયમ ૩૦ મુજબ)
એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં કંપનીની રજીસ્ટર્ડ ઓફીસની બદલી
કેન્દ્ર સરકાર
ઉત્તર – પશ્ચિમ રીજન
કંપની અધિનિયમ ૨૦૧૩ની કલમ ૧૩ ની પેટા કલમ (૪) અને કંપની (ઇન્કોર્પોરેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૩૦ ના પેટા નિયમ ૫ ના ધારા (એ) ની બાબતમાં.
અને
સમિત ડિજીટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લીમીટેડ (અગાઉ રીલાયન્સ જીઓ ઇન્ફ્રાટેલ પ્રાઇવેટ લીમીટેડ તરીકે જાણીતી)
(CIN: U64200GJ2013PTC105870) જે તેની રજીસ્ટર્ડ ઓફીસ ૫૧૧, શપથ-૫,કર્ણાવતી ક્લબ પાસે, એસ જી હાઇવે, અમદાવાદ-૩૮૦૦૧૫ ખાતે ધરાવે છે.
... અરજદાર

આથી જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે કંપની તેની રજીસ્ટર્ડ ઓફીસને સ્ટેટ ઓફ ગુજરાતથી સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર મુંબઇમાં બદલવા માટે કંપનીને સક્ષમ બનાવા માટે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ યોજાયેલ ખાસ સામાન્ય સભામાં પસાર કરાયેલ ખાસ ઠરાવ મુજબ કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિયેશનની ફેરબદલીની મંજુરી માટે કંપની કાયદા ૨૦૧૩ની કલમ ૧૩ હેઠળ કેન્દ્ર સરકારને અરજી કરવા માંગે છે.
કોઇપણ રાખ્સ જેના હિતને જણાવેલ કંપનીની રજીસ્ટર્ડ ઓફીસની બદલી થી અસર થઇ શકે તેમ છે તેઓ ઇન્વેસ્ટર કમ્પલેઇન ફોર્મ ભરીને એમસીએ-૨૧ પોર્ટલ (www.mca.gov.in) પર મોકલી શકે છે અથવા રીજનલ ડાયરેક્ટર, ઉત્તર-પશ્ચિમ રીજન, આરએઓની ભવન, રૂપાલ પાર્ક સોસાયટી સામે, એકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ ને તે/તેણીના હિત અને વાંધાના કારણો જણાવતા એફીડેવીટની મદદથી તે/તેણીના વાંધાઓ આ નોટીસના પ્રકાશનની તારીખથી ચૌદ દિવસની અંદર રજીસ્ટર્ડ પોસ્ટ કરી શકે છે અથવા મોકલી શકે છે. જેની એક નકલ કંપનીની રજીસ્ટર્ડ ઓફીસના નીચેના સરનામા પર મોકલવાની રહેશેઃ
૫૧૧, શપથ-૫, કર્ણાવતી ક્લબ પાસે, એસ જી હાઇવે, અમદાવાદ-૩૮૦૦૧૫.

અરજદાર વતી અને માટે
સમિત ડિજીટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઇવેટ લીમીટેડ
સહી/-
ધનંજય જોષી
મેનેજીંગ ડાયરેક્ટર
(ડીઆઇએન: ૦૬૦૬૬૨૭૦)
તારીખ: ૨૦.૧૦.૨૦૨૧
સ્થળ: અમદાવાદ

સ્ટર્લિંગ બાયોટેક લિમિટેડ, ફડયામાંની પૂર્ણરૂપે, ચાલુ પેઢી આધારિત ઈ-હરાજી માટે સાર્વજનિક જાહેરાત
(ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયા (લીકવીડેશન પ્રોસેસ) નિયમનો, ૨૦૧૬ના નિયમનો ૩૨ અને ૩૩ હેઠળ)

આથી અહીં સાર્વજનિક રીતે નોટિસ આપવામાં આવે છે કે સ્ટર્લિંગ બાયોટેક લિમિટેડ, ફડયામાં ("કોર્પોરેટ ડેબ્ટર") જેનો સીઆઈએન નં. L51900MH1985PLC035738 અને રજિસ્ટર્ડ થયેલ ઓફિસ ૪૩, એટલાન્ટા, નરિમાન પોઇન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧, મહારાષ્ટ્ર ખાતે આવેલ છે, તેના લિક્વીડેટર દ્વારા કોર્પોરેટ ડેબ્ટર પાસેથી પૂર્ણપણે સંપાદન માટે, ચાલુ પેઢી આધારિત નીચે કોષ્ટકમાં વર્ણવેલ વિગતો મુજબ આયોજિત ઈ-હરાજી કાર્યવાહીના જોડાણમાં રસ ધરાવતા બિડરો પાસેથી બિડો આમંત્રિત કરવામાં આવે છે.

વેચાણ વિગતો	વેચાણની પદ્ધતિ	ઈઓઆઈ અને ઈએમડી જમા કરવાની અંતિમ તારીખ	ઈએમડી રકમ (ભા.મા.ચ.)	અનામત કિંમત (ભા.મા.ચ.)	હરાજીની તારીખ અને સમય	વધારા કિંમત (ભા.મા.ચ.)
કોર્પોરેટ ડેબ્ટરની પૂર્ણપણે, ચાલુ પેઢી આધારિત	ઈ-હરાજી	૦૫.૧૧.૨૦૨૧ ના રોજ અથવા તે પહેલા	રિફન્ડેબલ; ભા.મા.ચ. ૨૭.૪૨ કરોડ (જે અનામત કિંમતના ૫% જેટલા છે.)	ભા.મા.ચ. ૫૪૮.૪૬ કરોડ	૧૦.૧૨.૨૦૨૧ (શુક્રવાર) સવારના ૧૧:૦૦ થી બપોરના ૦૨:૦૦ કલાક સુધી	ભા.મા.ચ. ૨ કરોડ કે તેથી વધુ

આ કોર્પોરેટ ડેબ્ટર જિલેટીન અને આથવણ આધારિત એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઇન્ગ્રેડિઅન્ટ્સ (APIs)ના ઉત્પાદન સાથે સંકળાયેલ છે, આ જિલેટિન બોવાઇન બોનમાંથી ઉત્પાદિત કરવામાં આવે છે અને તે મુખ્યત્વે ફાર્માસ્યુટિકલ, ન્યૂટ્રાસ્યુટિકલ અને ફૂડ એપ્લિકેશનમાં ઉપયોગમાં લેવાય છે. રસ ધરાવતા અરજદારો ટીઝર સહિત સંપૂર્ણ વિગતો માટે કોર્પોરેટ ડેબ્ટરની વેબસાઇટ http://www.sterlingbiotech.in/liquidation.html પર અપલોડ કરાયેલ કાર્યવાહી દસ્તાવેજ, વર્ઝન ૨.૦ તા. ૨૧.૧૦.૨૦૨૧ વાંચે.

અહીં આપેલ કોઈ પણ વસ્તુ કોર્પોરેટ ડેબ્ટરની પૂર્ણપણે, ચાલુ પેઢી આધારિતના સંપાદન માટે બંધનકર્તા કે પ્રતિબદ્ધતા ધરાવતી નથી. આ કોર્પોરેટ ડેબ્ટરનું વેચાણ વેબસાઇટ પર ઈ-હરાજી દ્વારા પૂર્ણપણે "જે છે ત્યાં છે", "જેમ છે તેમ છે" અને "જે છે તે છે" આધારિત યોજવામાં આવશે.

આ ઈ-હરાજી પ્રક્રિયા વેબસાઇટ https://ncltauction.auctiontiger.net પર ઓનલાઇન ઈ-હરાજી એજન્સી દ્વારા યોજવામાં આવશે. વધુ માહિતી કે સ્પષ્ટીકરણ માટે, કૃપા કરી લિક્વિડેટરનો +૯૧ ૯૮૩૧૦-૯૯૫૫૧ અથ